PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40182GJ2003SGC042988 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા–૦૧/૧૮–૧૯/ 5456-1 તા. 27-6-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કૈલાશભાઈ આર. આડતાણી,
દુકાન નં.–૦૮
ઘનશ્યામ એપાર્ટમેન્ટ
તળાવ દરવાજા – શેરી નં.–૦૪
જુનાગઢ
મો: ૯૪૦૮૩ ૭૦૩૨૮

વિષય :–એડ્રેસલાઈન મા સુધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૩/ક્વા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. .... )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ

સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર (રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૨૩/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૬–૧૮ | સ્થળ : જુનાગઢ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કૈલાશભાઈ આર. આડતાણી, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : સેન્ટ્રલ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)

રજુઆત કરનાર :વી.એલ. ભીમાણી સર ( નાયબ ઈજનેર (ટેક) – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

: હુકમ :

ફરીયાદ : એડ્રેસલાઈન મા સુધારા બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને,<br>નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગ્રાહક નંબર: ૩૪૧૦૩/૦૭૫૬૧/૯ થી જોડાણ ધરાવે છે. તેઓ તેમના બીલ મા –<br>એડ્રેસ લાઈન મા C/O કૈલાશ એસ.ટી.ડી. પીસીઓ નામ ધરાવતા હતા. ત્યારબાદ તેઓએ એડ્રેસ લાઈન મા C/O<br>મા કૈલાશભાઈ આર. આડતાણી મા નામ મા સુધારો કરવા બાબત ની અરજી સબંધક પેટા વિભાગીય કચેરી મા આપેલ<br>હતી. તેઓની અરજી ના અનુસંધાને – માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૮ સુધી મા – એડ્રેસ લાઈન મા C/O મા<br>કૈલાશભાઈ આર. આડતાણી કરી નાખેલ છે. જે બાબતે તેઓએ તા.૨૩–૦૨–૧૮ ના રોજ અરજી કરતા – પેટા<br>વિભાગીય કચેરી તરફથી એડ્રેસ લાઈન મા C/O મા ફરીથી કૈલાશ એસ.ટી.ડી. પીસીઓ લખી નાખેલ છે. આમ<br>અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત<br>અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે<br>તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, અરજદાર ની ફરીયાદ<br>અરજદાર ની મુદ્દા ન. ૧.૧ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવેલ કે, અરજદાર ની ફરીયાદ<br>મુજબ – વીજબીલ મા C/O કૈલાશભાઈ આર. આડતાણી કરી આપેલ છે. જે સુધારાની અસર માહે જુન–જુલાઈ–<br>૧૮ ના વીજબીલ મા આવશે, તેમજ અરજદાર ની રજુઆત મુજબ બીલ માં – મુળ નામ સુધારવા ઈચ્છતા હોય તો –<br>પીજીવીસીએલ કંપની ના નિયમાધીન રીતે જરૂરી આધાર–પુરાવા રજુ કરી નિયત નમુનામા અરજી કરી – જરૂરી ફી<br>ભરપાઈ કર્યા બાદ, નામ બદલી કરી આપવામા આવશે. જેની જાણકારી અરજદાર ને આપેલ અરજદારે રાજીખુશી<br>થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૬–૧૮ નો લેખીત<br>સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ<br>થયેલ છે |

: નિષ્કર્ષ :

**મુદ્દા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા ન. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી તેમજ પીજીવીસીએલ<br>પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ તેમજ ફરીયાદ<br>સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો,<br>ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસ લેતા સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ<br>થયેલ છે |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ફરીયાદ નુ નિરાકરણ થતા – પીજીવીસીએલ સાથે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૪–૦૬–૧૮ નો લેખીત સંમતીપત્ર અરજદારે – પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય, અત્રેની ફોરમ કમિટીએ કંઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી. |

**<u>મુદદા નં.–૪</u>**

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા ન. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સહમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધિત હોય તો, સદર રકમ ઉપરાંત રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં કરવો જરૂરી છે.